# ગ્રામઅર્થશાસ્ત્ર  વિભાગ

## મહાદેવ દેસાઈ સમાજસેવા સંકુલ

## ગૂજરાત વિદ્યાપીઠ આશ્રમ માર્ગ, અમદાવાદ

**પ્રારંભે...**

દેશના નવઘડતર માટે વિદ્યાર્થીઓને ગ્રામાભિમુખ વૈકલ્પિક વિકાસકેન્દ્રિત જીવનમૂલ્યો આપનારી કેળવણી ગ્રામ અર્થશાસ્ત્ર વિભાગ કરી રહ્યો છે, જેને ૧૯૬૩માં વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ દ્વારા વિશ્વવિદ્યાલય સમકક્ષ માન્યતા પ્રાપ્ત થઈ. ગ્રામઅર્થશાસ્ત્ર વિષય વિદ્યાપીઠના પાયાના વિષયોમાંથી એક વિષય રહ્યો છે, જે સંસ્થાની સ્થાપનાથી શીખવાતો આવ્યો છે. અર્થશાસ્ત્રમાં M.A., M.Philઅને PhD.અમદાવાદ પરિસર ખાતે અને અર્થશાસ્ત્ર B. A. કક્ષાના અભ્યાસક્રમ રાંધેજા પરિસરમાં ચાલી રહ્યો છે. ગ્રામઅર્થશાસ્ત્ર વિભાગ ૧. વર્ગ શિક્ષણ, ૨.અનુભવમૂલક શિક્ષણ(સંશોધન) અને ૩. સમાજ સાથે અનુબંધ (વિસ્તરણ)ના સંયોજન થકી શિક્ષણ આપે છે.

**૧.અભ્યાસક્રમ**

M. A..અને B.A. સ્તરે અનુક્રમે બે વર્ષ અને ત્રણ વર્ષના અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓને ફરજીયાત પાઠ્યક્રમ (Compolsary) અને પાઠયક્રમમાં વિકલ્પો (Optional) આપવામાં આવે છે, આથી વિદ્યાર્થીઓને પસંદગીનો અવકાશ રહે છે જે તેઓના રસના વિષયોને પસંદ કરવાની તકો વિસ્તરે છે, ઉપરાંત અન્ય વિદ્યાશાખાઓના વિદ્યાર્થીઓ માટે પસંદગી આધારિત પાઠ્યક્રમો (CBCS) ૨૦૧૮થી અમલમાં મૂકેલ છે.

**૨. સંશોધન**

સંશોધનના કેન્દ્રમાં ગ્રામીણ વિસ્તાર, વંચિત સમુદાયની આજીવિકા, રાજ્યપ્રેરિત વંચિત સમુદાયના ઉત્થાન અને વિકાસના કાર્યક્રમો, કૃષિક્ષેત્ર, સ્વૈચ્છિક સંસ્થાઓ, સહકારી સંગઠનો પ્રેરિત ગ્રામ વિકાસ, બિન સંગઠિત ક્ષેત્રો, કુદરતી સંસાધનો, સામુદાયિક સંસાધન વ્યવસ્થાપન, ગરીબી, વંચિતતા વગેરે મુદ્દાઓ છે. **M. A.** કક્ષાએ વિદ્યાર્થીને ગ્રામજીવનના પ્રત્યક્ષ પાઠ મળી શકે એ હેતુથી એક માસના કેન્દ્રનિવાસનો પ્રારંભ ૨૦૦૬થી થયો. M. A. અને B.A. કક્ષાએ અભ્યાસક્રમે પખવાડિક અને માસિક ક્ષેત્રકાર્ય દ્વારા પ્રાપ્ત કરેલી પ્રાથમિક અને દ્વિતીય માહિતી આધારિત સંશોધન પ્રકલ્પ ફરજીયાત છે. **M. Phil. / Ph. D.ને** વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ (UGC)ના અધિનિયમ ૨૦૧૮ના આધારે પ્રવેશપરીક્ષા ઉત્તીર્ણ કરવી અનિવાર્ય છે.

**૩. સમાજ સાથેનો અનુબંધ**

૨૦૦૭થી શરુ થયેલી ગ્રામજીવન પદયાત્રાનો એક મહત્વનો ઉદ્દેશ સ્થળ આધારિત સ્વાધ્યાય દ્વારા વિભાગને સમાજ સાથે અનુબંધિત કરવાનો છે. રાષ્ટ્રીય સામાજિક સેવા (NSS)ની શિબિર અને સામાજિક ક્ષેત્રે વિવિધ પ્રવૃત્તિઓ સાથે જોડાઈને વિદ્યાર્થીઓ સામાજિક પ્રશ્નો તરફ અભિમુખ અને દાયિત્વની ભાવનાનું દ્રઢીકરણ કરે છે.

| વિભાગનાં અધ્યાપકો | વિશેષ ક્ષેત્ર |
|---|---|
| ૧. પ્રા. હસમુખ દેસાઈ (અધ્યક્ષ) | સહકારી પ્રવૃત્તિ, ડેરીક્ષેત્ર |
| ૨. પ્રા. નિમિષા શુકલ | પર્યાવરણીય અર્થશાસ્ત્ર, ગાંધીના આર્થિક વિચારો |
| ૩. પ્રા. મંજુલા ડાભી | જાહેર અર્થશાસ્ત્ર, શિક્ષણનું અર્થશાસ્ત્ર |
| ૪. પ્રા. નરેશ ચૌહાણ | સ્વાસ્થ્યનું અર્થશાસ્ત્ર |
| ૫. પ્રા. ધારા વાગડિયા | પર્યાવરણીય અર્થશાસ્ત્ર |
| ૬. પ્રા. કૈલાશ ભોયે | જંગલવ્યવસ્થાપન નીતિ |
| ૭. નશેમન બંદૂકવાલા | માનવ વિકાસ |